BAOU
Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
"જ્યોતિર્મય" પરિસર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
E-mail: info@baou.edu.in | Website: www.baou.edu.in

જા.નં.બાઆંઓયુ/પરીક્ષા/૨૭૩ /૨૦૨૩ તા. ૩૦/૧૧/૨૦૨૩

## "Exam on Demand" November/December – 2023

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સંલગ્ન વિદ્યાર્થી સહાય કેન્દ્રોના કો-ઓર્ડીનેટરશ્રીઓને અને વિદ્યાર્થીઓને જણાવવાનું કે યુનિવર્સિટીનાં ઓર્ડીનન્સ "Exam on Demand" Ordinance, 2019-20 ની જોગવાઈઓ અનુસાર નવેમ્બર -૨૦૨૩ માં યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓને "Exam on Demand" ની સુવિધાઓ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનું આયોજન નીચે જણાવેલ સૂચનાઓ અને સમયપત્રક મુજબ હાથ ધરવામાં આવશે.

### Exam on Demand અંગે અગત્યની સૂચનાઓ

1. આ જોગવાઈઓ અનુસાર, વિદ્યાર્થીઓ કે જેઓ કોઈપણ કારણસર સત્રાંત પરીક્ષા પાસ કરી શક્યા ન હતા, અથવા કોઈપણ અણધારી પરિસ્થિતિને લીધે સત્રાંત પરીક્ષામાં હાજર રહી થઈ શક્યા નાં હોય તેઓને અભ્યાસક્રમ અંગેની પૂર્વનિર્ધારિત સમયમર્યાદામાં અભ્યાસ પૂર્ણ કરવા માટે પરીક્ષા અંગેની વધારાની તક મળશે.
2. પાત્રતા (Eligibility):
   a. Exam on Demand અન્વયે વિદ્યાર્થીએ નિયત ફોર્મ ભરી જરૂરી ફી સાથે અરજી કરવી આવશ્યક છે
   b. Exam on Demandની સુવિધાઓ યુનિવર્સિટીનાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમનાં વિદ્યાર્થીઓને જ લાગુ પડશે.
   c. જે વિદ્યાર્થીઓએ જે તે અભ્યાસક્રમનાં અંતિમ વર્ષ પ્રવેશ મેળવ્યો હશે, તે જ વિદ્યાર્થીઓ Exam on Demandની સુવિધાઓ મેળવી શકશે
   d. જે વિદ્યાર્થીઓનાં જે વિષયોનાં સ્વાધ્યાય કાર્યનાં ગુણ અભ્યાસકેન્દ્ર દ્વારા યુનિવર્સિટી ખાતે જમા કરાવેલ હશે, તે વિદ્યાર્થીઓ સંબંધિત વિષયોની પરીક્ષા જ Exam on Demand હેઠળ આપી શકશે.
3. Exam on Demand અન્વયે ફક્ત થિયરી વિષયોની જ પરીક્ષાઓ જ લેવામાં આવશે.
4. પ્રાયોગિક, Viva-vose પરીક્ષાઓ, પ્રોજેક્ટ, ઈન્ટર્નશીપ પરીક્ષા વગેરે પરીક્ષાઓ Exam on Demand હેઠળ લેવામાં આવશે નહીં.
5. Exam on Demand માટે સ્નાતક વિદ્યાર્થીઓને મહત્તમ ત્રણ (03) પ્રયત્નો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને મહત્તમ બે (02) પ્રયત્નો આપવામાં આવશે
6. Exam on Demand અન્વયેની પરીક્ષાઓમાં ગુણ ચકાસણી (Re-checking) અને પૂનઃમૂલ્યાંકન (Re-assessment) ની સુવિધાઓ લાગુ પડશે નહીં.

7. પરીક્ષા અન્વયે અરજી માટેની પ્રક્રિયા:
   a. Exam on Demand અન્વયે પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ નિર્ધારિત ફોર્મમાં, નિયત સમયમર્યાદામાં ફક્ત Online માધ્યમથી જ અરજી કરવાની રહેશે.
   b. વિદ્યાર્થીઓએ વિષય (પેપર) દીઠ રૂ. 500/- પરીક્ષા ફી ફક્ત Online માધ્યમથી જ ભરવાની રહેશે.
   c. કોઈપણ પ્રકારની અધુરી માહિતી અથવા ખોટી માહિતી વાળી અરજીનો અસ્વીકાર કરવામાં આવશે અને આ અન્વયે વિદ્યાર્થી દ્વારા ભરેલ પરીક્ષા ફી પરત કરવામાં આવશે નહિ.
8. પરીક્ષા ફોર્મ ભરવાની તારીખ કોઈપણ સંજોગોમાં લંબાવવામાં આવશે નહીં.
9. હાલમાં પરીક્ષાઓનું આયોજન ફક્ત યુનિવર્સિટીનાં મુખ્ય મથક અમદાવાદ ખાતેજ કરવામાં આવશે.

**યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના સમયપત્રક અનુસાર પરીક્ષાઓનું આયોજન હાથ ધરવામાં આવશે.**

| Sr. No. | Date | Particular |
|---|---|---|
| 1. | 30-11-2023 | Announcement of filling the examination form and detailed schedule of the exam<br>પરીક્ષા ફોર્મ ભરવાની તેમજ પરીક્ષા અંગેનાં વિગતવાર સમયપત્રકની જાહેરાત |
| 2. | 01-12-2023<br>to<br>02-12-2023 | Commencement of filling of Examination Form<br>પરીક્ષા ફોર્મ ભરવાની શરૂઆત |
| 3. | 07-12-2023<br>to<br>08-12-2023 | Students will be able to download examination admit card (Hall ticket)<br>વિદ્યાર્થીઓ પરીક્ષાનું એડમીટ કાર્ડ (હોલ ટિકિટ) ડાઉનલોડ કરી શકશે |
| 4. | 10-12-2023<br>to<br>20-12-2023 | The examination will be conducted at the University Headquarters by the Examination Department<br>પરીક્ષા વિભાગ દ્વારા યુનિવર્સિટીનાં મુખ્ય મથકે પરીક્ષાનું આયોજન કરવામાં આવશે |
| 5. | 10-12-2023<br>to<br>25-12-2023 | Assessment of Answer Books by examiners appointed by the University<br>યુનિવર્સિટી દ્વારા નિમણુંક કરેલ પરીક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી કરવામાં આવશે |
| 6. | 30-12-2023 | Marks Entry, Result Process and Declaration of Results<br>પરીક્ષા વિભાગ દ્વારા વિદ્યાર્થીઓનાં માર્કસની એન્ટ્રી કરાવી રીઝલ્ટ પ્રોસેસ કરવામાં આવશે, અને વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર કરવામાં આવશે.પરિણામ જાહેર કરવાની તારીખોમાં ફેરફાર થવાને અવકાશ છે. |

**-SD-**

**Controller of Examination (I/c.)**